૧૧૮

(૧)

**અતિ પછાત જાતિ વિકાસ બોર્ડની રચના બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
(અનુ.જાતિ કલ્યાણ પ્રભાગ),
ઠરાવ ક્રમાંક : અવક/૧૦૯૮/૨૨૦૧/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૬–૬–૨૦૦૧.

**<u>ઠરાવ :–</u>**

અનુસૂચિત જાતિઓ માટે શૈક્ષણિક, આર્થિક વિકાસ અને આરોગ્ય ગૃહ–નિમાર્ણની યોજનાઓ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા મારફત તેમજ આર્થિક વિકાસ યોજનાઓ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ મારફત અમલમાં મૂકવામાં આવે છે. અનુસૂચિત જાતિની અતિ પછાત જાતિઓમાં વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુ અને અનુસૂચિત જાતિના બાવા જેવી જાતિઓનો સમાવેશ થયેલો છે, તે પૈકી વાલ્મિકી જાતિ માટે હાલમાં સફાઈ કામદાર વિકાસ નિગમ કાર્યરત છે. આથી અનુસૂચિત જાતિઓમાં પણ સૌથી વધારે પછાત એવી **હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુ, અનુસૂચિત જાતિના બાવા** જેવી અતિપછાત જાતિના લોકો અન્ય જાતિઓની સરખામણીમાં ચોકકસ પ્રગતિ કરી શકે અને તેમનો આર્થિક ઉત્કર્ષ થઈ શકે તે માટે અતિ પછાત જાતિઓ માટે અલગ વિકાસ બોર્ડની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે અતિ પછાત જાતિઓ માટે **" અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ "** ની રચના કરવાનો સરકારે નિર્ણય કરેલ છે.

૨. આ બોર્ડનું કાર્યક્ષેત્ર અનુસૂચિત જાતિ પૈકીની સફાઈ કામદાર – વાલ્મિકી જાતિ સિવાયની અતિપછાત જાતિઓ તરીકે સમાવિષ્ટ થયેલ તમામ જાતિઓ અને પેટા જાતિઓના સભ્યો પૂરતું મર્યાદિત રહેશે.

૩. આ બોર્ડનો ઉદેશ અને હેતુ નીચે પ્રમાણે રહેશે.

(૧) આ બોર્ડનો ઉદેશ રાજય સરકાર તથા અનુસૂચિત જાતિ વિકાસ નિગમ અને નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના સંપર્કમાં રહી અતિ પછાત જાતિના લોકોના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે કાર્યવાહી કરવાનો રહેશે.

(૨) આ જાતિના લોકોના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે પગલાં સૂચવવાનાં રહેશે.

(૩) અનુસૂચિત જાતિઓ માટેના વિકાસ માટેની યોજનાઓના મૂળભૂત આશય સાથે સુંસંગત રહી અતિ પછાત જાતિઓ માટે આ યોજનાઓના અસરકારક અમલ માટે જરૂરી સલાહ સૂચન કરશે.

(૪) અતિ પછાત જાતિઓના આર્થિક વિકાસ અંગે આર્થિક ઉપાર્જન થાય તેવી યોજનાઓ અને તે અંગેની તાલીમ અંગે સલાહ આપશે.

(૫) સરકાર તરફથી ઉપરોક્ત હેતુઓ માટે સોંપવામાં આવે તે અન્ય કામગીરી.

૪. ઉપર્યુકત હેતુઓ સિધ્ધ કરવા માટે બોર્ડે નીચે પ્રમાણેના પગલાં ભરવાનાં રહેશે.

(૧) આ જાતિઓના ઉત્કર્ષ અંગે આ પહેલાં રાજ્ય સરકાર અથવા તો બીજી સંસ્થાઓ દવારા થયેલ કાર્યવાહીનું અવલોકન કરી અત્યારે અપાતી સવલતો તથા લાભો વિગેરે બાબતોમાં જરૂરી સલાહ–સૂચન કરવાં.

(૨) આ જાતિઓએ શૈક્ષણિક, આર્થિક અને અન્ય ક્ષેત્રે હાંસલ કરેલ પ્રગતિનું મૂલ્યાંકન કરવું.

(૩) આ જાતિઓના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે જે કાર્યવાહી આવશ્યક જણાય તે હાથ ધરવી.

(૪) અનુસૂચિત જાતિ માટે અમલમાંની યોજનાઓના લાભો અતિ પછાત જાતિઓને પણ અસરકારક રીતે મળે તે માટે જરૂરી તમામ કાર્યવાહી કરવાની રહેશે.

૫. આ બોર્ડ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની છત્ર–છાયામાં અને તેના સંપર્કમાં રહી કામગીરી કરશે તેમજ જરૂર જણાયે નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની કચેરીઓની સહાય લઈ કામગીરી કરશે.

**૬. આ બોર્ડના નિમાયેલા સચિવે અતિ પછાત જાતિ વિકાસ બોર્ડની સોસાયટીઝ રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ હેઠળ તેમજ મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ હેઠળ નોંધણી કરાવવાની રહેશે. બોર્ડના સચિવ તરીકે નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–૨) ની પ્રથમ તબકકે નિમણૂક કરવામાં આવશે, જે બોર્ડની આનુંષાંગિક તમામ કાર્યવાહી શરૂ કરશે.**

૭. બોર્ડની કુલ સભ્ય સંખ્યા ૨૪ રહેશે. જેમાં **૧૫ બિન–સરકારી** સભ્યો રહેશે. અને **૯ સરકારી સભ્યો** રહેશે. જેમાં ઓછામાં ઓછા **બે મહિલા** સભ્યો રહેશે. બિન – સરકારી સભ્યો પૈકી એક અધ્યક્ષ અને એક ઉપાધ્યક્ષ રહેશે. બિન–સરકારી ૧૫ સભ્યોની નિમણૂક કરતી વખતે બોર્ડના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ અતિ પછાત જાતિના સભ્યશ્રીઓને યોગ્ય પ્રતિનિધિત્વ મળી રહે તે પ્રમાણે સભ્યશ્રીઓની પસંદગી કરવાનું ધોરણ અપનાવવાનું રહેશે.

સરકારી સભ્યો નીચે દર્શાવ્યા પ્રમાણે રહેશે.

(૧) સંયુકત સચિવ / નાયબ સચિવ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (અનુ.જાતિ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગર.
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૩) નાણાકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, (અનુ.જાતિ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગર.
(૪) મેનેજીગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
(૫) કૃષિ કમિશ્નર, ગાંધીનગર.
(૬) કમિશ્નર કુટિર ગ્રામોદ્યોગ, ગાંધીનગર.
(૭) ગ્રામ વિકાસ કમિશ્નર, ગાંધીનગર.
(૮) નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૯) સચિવશ્રી, અતિ પછાત વિકાસ બોર્ડ, સભ્ય સચિવ તરીકે ફરજો બજાવશે.

૮. આ બોર્ડનું વડુ મથક **ગાંધીનગર** રહેશે.

૯. આ બોર્ડની કામગીરી માટે જરૂરી મહેકમ અને તેની લગતી અન્ય આનુંષાંગિક બાબતો અંગે હવે પછી હુકમો કરવામાં આવશે.

૧૦. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તારીખ ૨૧-૬-૨૦૦૧ ની નોંધથી મળેલી સંમતિ બાદ રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.બી. રાજગુરુ)
**નાયબ સચિવ,**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
**(અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ),**
**સચિવાલય, ગાંધીનગર.**

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દવારા)
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મંત્રીશ્રી ( સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે રાજય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે નાયબ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારી, ગાંધીનગર.
તિજોરી અધિકારી, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુજરાત રાજય, અમદાવાદ.
સચિવશ્રી, સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, (અનુ.જાતિ કલ્યાણ પ્રભાગ), સચિવાલય, ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી વર્ગ—૧.
સર્વે સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત).
સર્વે જિલ્લા મેનેજર, ગુજરાત અમુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન મારફતે.
સચિવલાયના સર્વે વિભાગો.
આ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
વિભાગની સર્વે શાખાઓ.
સર્વે ખાતાના વડાઓ /બોર્ડ—નિગમ.
નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઈલ.
શાખા પસંદગી ફાઈલ.